

| Sr. No. | Recommendation | Response (Yes/No/NA) | Supporting Materials |
|---|---|---|---|
| 279 | Mandate that the same inspector will not inspect the same establishment twice consecutively | Yes | |

URL: https://dish.gujarat.gov.in/Portal/News/232_2_Inspection-Criteria-Timeline.pdf



૩૬૯
૨૨/૨/૧૬

ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેશ અન્વયે શ્રમ કાયદાઓ હેઠળ નિરીક્ષણની કામગીરી માટે સ્ટેટ એનાલીસીસ એન્ડ ઇન્ટેલિજન્ટસ યુનિટની રચના તથા સંયુકત નિરીક્ષણ ઓનલાઇન અરજીઓ અંગે સુધારો..........

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૩૨૦૧૫/૨૦૦૪૧૫/મ-૩.
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૭/૦૨/૨૦૧૬

***વંચાણે લીધાઃ-***

(૧) શ્રમ અને રોજગાર વિભાગનો તા. ૨૬/૬/૨૦૧૫નો ઠરાવ ક્રમાંકઃ પરચ/૧૩૨૦૧૫/૨૦૦૪૧૫/મ-૩.

(૨) શ્રમ આયુકતશ્રી, ગુ.રા., ગાંધીનગરનો તા. ૨૯/૧/૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ શ્ર.આ./સીઓડી/૧૫૫.

***ઠરાવઃ-***

વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના ઠરાવથી ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેશ અન્વયે શ્રમ કાયદાઓ હેઠળ નિરીક્ષણની કામગીરી માટે સ્ટેટ એનાલીસીસ એન્ડ ઇન્ટેલિજન્ટસ યુનિટની રચના તથા સંયુકત નિરીક્ષણ ઓનલાઇન અરજીઓ અંગેની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

આ ઠરાવમાં શ્રમ કાયદાઓ હેઠળની શ્રમપાંખ, કારખાના પાંખ અને બોયલર પાંખના નિરીક્ષણો દ્વારા લાગુ પડતાં શ્રમ કાયદાઓ હેઠળ અલગ-અલગ નિરીક્ષણ ન કરતાં હવે એક ટીમ સ્વરૂપે નિરીક્ષણ કરવાનું ઠરાવેલ છે. પરંતુ તેમાં ત્રણેય પાંખના નિરીક્ષકો આ એકમમાં પુનઃ નિરીક્ષણ અર્થે મુલાકાત ન કરે તેની કોઇ જોગવાઇ ઠરાવેલ ન હતી. આથી શ્રમ આયુકતશ્રીએ શ્રમપાંખ, કારખાના પાંખ અને બોયલર પાંખના નિરીક્ષણો દરમિયાન જે નિરીક્ષક એકવાર ટીમ સાથે નિરીક્ષણ કરવા ગયેલ હશે. તે બીજી વાર તે જ યુનિટમાં નિરીક્ષણ અર્થે જઇ શકશે નહીં, તેવી જોગવાઇ કરવા દરખાસ્ત કરેલ છે.

આ ઠરાવમાં ટીમ દ્વારા કરવામાં આવેલ નિરીક્ષણોની તપાસ નોંધ ત્રણ દિવસમાં (૭૨ કલાક)માં સ્ટેટ એનાલીસીસ એન્ડ ઇન્ટેલીજન્ટસ યુનિટને ઓનલાઇન રજુ કરવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે. પરંતુ ઇઝ ઓફ ડૂઇંગ બિઝનેશ અન્વયે DIPP દ્વારા મળેલ નવી સૂચનાઓ અન્વયે આવો અહેવાલ કામકાજના બે દિવસમાં રજુ કરવા અંગેનો સુધારો કરવાની જરૂરિયાત ઉભી થતાં, શ્રમ આયુકતશ્રીએ વંચાણે લીધા ક્રમાંક (૨) સામેના પત્રથી ત્રણ દિવસ (૭૨ કલાક)ના બદલે બે દિવસ (૪૮ કલાક)નો સુધારો કરવા દરખાસ્ત કરેલ છે. આથી આ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ ઠરાવમાં નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

(૧) શ્રમપાંખ, કારખાના પાંખ અને બોયલર પાંખના નિરીક્ષણો દરમિયાન જે નિરીક્ષક એકવાર ટીમ સાથે નિરીક્ષણ કરવા ગયેલ હશે, તે બીજી વાર તે જ યુનિટમાં નિરીક્ષણ અર્થે જઇ શકશે નહીં.

(૨) નિરીક્ષણ કર્યા બાદ તેનો અહેવાલ કામકાજના બે દિવસમાં (૪૮ કલાકમાં) સ્ટેટ એનાલીસીસ એન્ડ ઇન્ટેલીજન્સ યુનિટને ઓનલાઇન રજુ કરવાનો રહેશે.

વંચાણે લીધા ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જે.જામળીયા)
સેકશન અધિકારી
શ્રમ અને રોજગાર વિભાગ.

પ્રતિ,

- શ્રમ આયુકતશ્રી, ગુ.રા., ઉદ્યોગભવન, ગાંધીનગર.
- ગ્રામ શ્રમ આયુકતશ્રી, ગુ.રા. ૭/૧, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થય, ૩-૫ માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુ.રા., ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, બોયલરો, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.
- શ્રમ અને રોજગાર વિભાગની મ-૧, મ-૨ અને મ-૪ શાખાઓ.
- શાખા સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.

"Ease of doing Business" અન્વયે શ્રમ કાયદાઓ હેઠળ નિરીક્ષણની કામગીરી માટે state Analysis and Intelligence unit (SAIU) ની રચના તથા સંયુક્ત નિરીક્ષણ ઓનલાઇન અરજીઓ અંગે.

ગુજરાત સરકાર
શ્રમ અને રોજગાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- પરચ-૧૩-૨૦૧૫-૨૦૦૪૧૫-મ-૩
સચિવાલય ગાંધીનગર.
તા.૨૬-૦૬-૨૦૧૫

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પત્ર મળ્યાની તારીખ 29 JUN 2015
ઈનવર્ડ નંબરઃ ૨૮૩/૨૨

વંચાણે લીધાઃ- (૧) શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૮-૦૫-૨૦૧૫ ના જાહેરનામા ક્રમાંકઃ સીઆઇઓ-૧૦-૨૦૧૪-૪૮૩૦૩૩. આઇટી સૈલ.
(૨) શ્રમ આયુક્તશ્રી , ગુ. રા., ગાંધીનગરની સિંગલ ફાઇલ પરની તા. ૦૪-૦૬-૨૦૧૫ ની નોંધ તેમજ તા. ૧૮-૦૬-૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃ શ્ર.આ. સીઓડી. ૨૦૧૫-૯૩૯

<u>પ્રસ્તાવનાઃ-</u>

Ease of doing Business અન્વયે. આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) સામેના જાહેરનામાથી જૂદા જૂદા શ્રમ કાયદાઓ અને અન્ય અધિનિયમો હેઠળ ૨૮(અઠ્ઠાવીસ) જેટલી સેવાઓને ગુજરાત ઇન્ફોર્મેશન ટેકનોલોજી (ઇલેક્ટ્રોનીક સર્વિસ ડીલીવરી) નિયમો, ૨૦૧૪ ના નિયમ-૪(૧) હેઠળ ઇલેક્ટ્રોનીક સર્વિસ તરીકે નિયત કરેલ છે. અને આ સેવાઓ અન્વયેની અરજીઓ ઓનલાઇન કરવા અંગેનો નિર્ણય કરેલ છે. આવી ઇ-સેવાઓની યાદી પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ છે.

રાજ્યમાં શ્રમ આયુક્તશ્રી, નિયામકશ્રી ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય તેમજ નિયામકશ્રી, બોયલરો દ્વારા વિવિધ શ્રમ કાયદાઓનો અમલ કરાવવામાં આવે છે અને આ શ્રમ કાયદાઓ હેઠળ નિરીક્ષક તરીકે જાહેર કરેલા અધિકારીઓ આ શ્રમ કાયદાઓના અમલ માટે જુદી જુદી સંસ્થાઓ/કારખાનાઓનાં નિરીક્ષણો કરે છે. આ નિરીક્ષણોની કામગીરીને ગુણાત્મક અને પારદર્શી બનાવી, શ્રમક્ષેત્ર સાથે સંકળાયેલ માલિકો અને શ્રમયોગીઓને તેમના અધિકારો અને જવાબદારીઓની સરળતાથી સમજ આપી, નિરીક્ષણ કામગીરીને સરળ, ગતિશીલ અને ફળદાયી બનાવવી જરૂરી જણાતા શ્રમ કાયદાઓ હેઠળના નિરીક્ષણના ધોરણો અને કાર્યપધ્ધતિ સુનિશ્ચિત કરવા માટે શ્રમ આયુક્તશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરીમાં સ્ટેટ એનાલીસીસ એન્ડ

ઇન્ટેલીજન્સ યુનિટ (State Analysis and Intelligence unit) ની રચના કરવા શ્રમ આયુક્તશ્રી, ગુ.રા. ગાંધીનગરે વંચાણે લીધા ક્રમાંક: (૨) સામેની સિંગલ ફાઇલથી દરખાસ્ત કરેલ હતી અને આ યુનિટમાં સમાવેશ કરવાના નામોની ભલામણ કરેલ હતી.

ઠરાવ:

આથી શ્રમકાયદાઓ હેઠળના નિરીક્ષણના ધોરણો અને કાર્યપધ્ધતિ સુનિશ્ચિત કરવા માટે શ્રમ આયુક્તશ્રીની કચેરીમાં સ્ટેટ એનલીસીસ એન્ડ ઇન્ટેલીજન્સ યુનિટની રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી કાળજીપૂર્વકની વિચારણાના અંતે શ્રમ આયુક્તશ્રી, ગુ.રા., ગાંધીનગરની કચેરીમાં નીચે મુજબના સ્ટેટ એનાલીસીસ એન્ડ ઇન્ટેલીજન્સ યુનિટ (State Analysis and Intelligence unit) ની રચના કરવાની મંજૂરી આપવામાં આવે છે.

૧. શ્રી કે.ઓ. શાહ - અધિક શ્રમ આયુક્તશ્રી, - શ્રમ આયુક્તશ્રીની કચેરી, ગાંધીનગર.

૨. શ્રી એચ.એમ.મડીયા.- સંયુક્ત નિયામક - નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, અમદાવાદ-૧.

3. શ્રી વી.આઇ.માહયાવંશી – મદદનીશ નિયામક – નિયામકશ્રી,બોયલરોની કચેરી, અમદાવાદ-૧.

રાજ્યમાં આવેલ ઉધોગ ધંધાના એકમોની સંપૂર્ણ વિગતોના આધારે નિરીક્ષણ અંગેના સ્પષ્ટ, સરળ અને પારદર્શી ધોરણો સુનિશ્ચિત કરવાના રહેશે. આ અંગે શ્રમ કાયદાઓ હેઠળની શ્રમ પાંખ, કારખાના પાંખ, તેમજ બોયલર પાંખના નિરીક્ષણો દ્વારા લાગુ પડતાં શ્રમ કાયદાઓ હેઠળ અલગ અલગ નિરીક્ષણો ન કરતાં હવે એક ટીમ સ્વરૂપે નિરીક્ષણો કરવાના રહેશે.

ટીમ દ્વારા કરવામાં આવેલ નિરીક્ષણોની તપાસ નોંધ માલિકને આપવાની રહેશે અને તે અંગેનો અહેવાલ નિરીક્ષણ કર્યા બાદ કામકાજના ત્રણ દિવસમાં (૭૨ કલાકમાં) સ્ટેસ એનાલીસીસ એન્ડ ઇન્ટેલીજન્સ યુનિટને ઓનલાઇન રજૂ કરવાનો રહેશે. જો નિરીક્ષક દ્વારા આ સમયમંર્યાદામાં નિરીક્ષણ અહેવાલ રજૂ કરવામાં નહીં આવે, તો તેની સઘળી જવાબદારી સબંધિત નિરીક્ષકની રહેશે.

ઉધોગ/સંસ્થાના માલિકોએ તેમને આપવામાં આવેલ તપાસ નોંધમાં દર્શાવેલ ક્ષતિઓની દિન-૧૫ માં ઓનલાઇન પૂર્તતા કરી સબંધિત નિરીક્ષક તથા સ્ટેટ એનાલીસીસ એન્ડ ઇન્ટેલીજન્સ યુનિટને તેની જાણ કરવાની રહેશે.

પરિશિષ્ટ-૧

ઓનલાઇન અરજીઓ

(૧) શ્રમ આયુક્ત કચેરી

* સ્વયંપ્રમાણીકરણ અને સહસંકલીત વાર્ષિક પત્રક યોજના
* ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૨૫(એફ)(એફ)(એ)(૧) હેઠળ લે-ઓફ અને ક્લોઝર ની નોટીસ
* ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના કન્સીલીયેશન કેસ
* ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ ની કલમ ૧૦(૧) હેઠળ નાં પુનઃસ્થાપિતના કેસો
* કોન્ટ્રકટ લેબર અધિનિયમ, ૧૯૭૦ હેઠળનું રજીસ્ટ્રેશન
* કોન્ટ્રકટ લેબર અધિનિયમ, ૧૯૭૦ હેઠળનું લાયસન્સ તથા રીન્યુઅલ
* આંતરરાજ્ય સ્થળાંતરીત અધિનિયમ, ૧૯૭૯ હેઠળ રજીસ્ટ્રેશન
* આંતરરાજ્ય સ્થળાંતરીત અધિનિયમ, ૧૯૭૯ હેઠળ લાયસન્સ તથા રીન્યુઅલ
* મોટર ટ્રાન્સપોર્ટ વર્કર્સ એક્ટ, ૧૯૬૧ હેઠળ રજીસ્ટ્રેશન

(૨) ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય ની કચેરી

* કારખાના ધારા અધિનિયમ, ૧૯૪૮ હેઠળના
  - (૧) પ્લાન એપ્લીકેશન રીસીપ્ટ
  - (૨) કારખાના નો નોંધણી માટેની અરજી
  - (૩) લાયસન્સના સુધારાની અરજી
  - (૪) લાયસન્સ રીન્યુઅલ એપ્લીકેશન, રીસીપ્ટ અને એપ્રુવલ

(૩) બોઇલર નિયામકની કચેરી

* બોયલર ઓપરેશન એન્જીન્યર ની પરીક્ષા
* બોયલર કોમ્પીટન્સી ફર્સ્ટ ક્લાસની પરીક્ષા
* બોયલર કોમ્પીટન્સી સેકન્ડ ક્લાસ પરીક્ષા
* મેન્યુફેકચરીંગ સ્ટેજ વાઇઝ ઇન્સ્પેકશન.
* બોયલર/ ઇકોનોમાઇઝર ના માલીકી હક્કમાં ફેરફાર ની અરજી
* બોયલર માટેનુ એન.ઓ.સી
* બોયલર/ ઇકોનોમાઇઝર ની નોંધણી
* વેલ્ડર એપ્રુવલ
* વર્કશોપ એપ્રુવલ

માલિકો/શ્રમયોગીઓ તેમની ફરિયાદો http.//www.col.gujarat.gov.in ઉપર ઓનલાઇન કરી શકશે તથા આ સુવિધા શ્રમ સુવિધા વેબ-પોર્ટલ ઉપર પણ ઉપલબ્ધ છે.

જે અરજીઓ ઓનલાઇન કરવા માટેની સુવિધા ઉભી કરવામાં આવેલ છે, તેનો url http.//www.col.gov.in છે અને આવી ઇ-સેવાઓની યાદી પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ છે.

પ્રથમ તબક્કે આ સીસ્ટમ ઓનલાઇન અને મેન્યુઅલી બંને રીતે ચાલશે. મેન્યુઅલ અરજીઓ સ્વીકારવાની છેલ્લી તારીખ હવે પછી જાહેર કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એચ.વસાવા)
નાયબ સચિવ
શ્રમ અને રોજગાર વિભાગ.

પ્રતિ,

૧. શ્રમ આયુક્તશ્રી, ગુ.રા, ગાંધીનગર, સેક્ટર-૧૧, ઉદ્યોગ ભવન, ગાંધીનગર,
૨. નિયામકશ્રી.અમદાવાદ ,ગુજરાત રાજ્ય ,ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય ,
૩. ગ્રામ શ્રમ આયુક્તશ્રી, ગુ.રા, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
૪. નિયામકશ્રી, બોયલરો, શ્રમ ભવન, ખાનપુર, અમદાવાદ.
૫ .નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુ.રાં, ડો. જીવરાજ મહેતા ભવન.ગાંધીનગર ,
૬ શ્રમ અને રોજગાર વિભાગ, શાખા-મ-૧,મ-૨,મ-૪.
૭. શાખા પસંદગી ફાઈલ.
૮. ના.પસંદગી ફાઈલ .અ.સે.